રજુ તારીખ : ૦૩/૦૩/૨૦૨૬
દાખલ તારીખ : ૦૩/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખ : ૨૫/૦૩/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૨૨

**આંક– ૦૬**

---

**ભાવનગરના મે.૩'જા એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૪૫૩/૨૦૨૬**

---

**અરજદાર – મીહીરભાઈ ભગવાનભાઈ સરવૈયા,**
ઉ.વ.આ.૨૨, ધંધો–રેપીડોમાં નોકરી,
રહે. પ્લોટ નં.૧૨/બી, અમો નમ: શિવાય સોસાયટી,
ગુરુકુળની પાછળ, કુલસર.
હાલ : જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી વાય.એન.પાઠક.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી વી.જી.માંડલીયા.

---

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના અરજદાર/આરોપી તર્ફે બોરતળાવ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૫૨૫૨૧૭૪/૨૦૨૫ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૩૧૯(૨), ૬૧(૨)(એ), ૫૪ તથા આઇ.ટી.એકટની કલમ–૬૬(ડી) મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર થયેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ કોઇ ગુન્હો કરેલ નથી અને ખોટી રીતે સદર ગુન્હાના કામે સંડોવી દેવામાં આવેલ છે. સદર ગુન્હાના કામે અરજદાર/આરોપીનો મુખ્ય રોલ નથી. તેમજ અરજદાર/આરોપીએ કોઇ આર્થિક લાભ મેળવેલ નથી. અરજદાર/આરોપીનો રોલ ફકત સહઆઅરોપીનું એકાઉન્ટ અન્ય આરોપીને આપવા સુધીનો મયા"દિત રોલ છે. અરજદાર/આરોપી રેપીડોમાં નોકરી કરતા હોય, આ ગુન્હાના અન્ય આરોપી ઘ્વારા આઇ.પી.ઓ.માં રોકાણ કરવા અર્થે એકાઉન્ટની માંગણી કરેલ હતી પરંતુ અરજદાર/આરોપીએ કોઇપણ પ્રકારે તેમનું કે અન્ય કોઇ બેન્ક એકાઉન્ટ ડીટેઇલ સહઆરોપીને આપેલ નથી. અરજદાર/આરોપી ઘ્વારા કોઇપણ પ્રકારના ફ્રોડના પૈસા રાખવામાં આવેલ નથી કે તેઓના ખાતામાં પૈસા આપેલ નથી કે કોઇ ફ્રોડના પૈસાની આપ–લે કરેલ નથી. અરજદાર/આરોપી હેબીચ્યુઅલ ઓફેન્ડર નથી. અરજદાર/આરોપીએ કોઇ વ્યકિત સાથે ઠગાઇ કરેલ નથી કે કોઇને લાલચ આપેલ નથી. અરજદાર/આરોપી સામે કોઇ પ્રથમદર્શનીય કેસ નથી. સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થઇ ગયેલ છે અને ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવેલ છે. ટ્રાયલ ચાલતા સમય લાગે તેમ છે. જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. તેમજ અરજદાર/આરોપી નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી છે. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે. તેમજ સદર ગુન્હાના કામના સહઆરોપીઓ ઘ્વારા અગાઉ કરવામાં આવેલ જામીન ઉપર મુકત કરવા માટેની અરજી અત્રેની નામ. કોર્ટ ઘ્વારા મંજુર કરવામાં આવેલ છે અને તેઓને શરતોને આધિન જામીન મુકત કરવામાં આવેલ છે. જેથી પેરીટીના ગ્રાઉન્ડ ઉપર પણ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, સાઈબર ફ્રોડનો ગુન્હો છે. અરજદાર/આરોપીએ આર્થિક લાભ મેળવેલ છે. અરજદાર/આરોપી તથા સહઆરોપીઓ સામે પુરતો પુરાવો જણાઈ આવતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. અરજદાર/આરોપી સામે ભુતકાળમાં એક ગુન્હો નોંધાયેલ છે. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે. તેમજ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. તેમજ અરજદાર/આરોપી તરફે આંક-૩ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી. તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના અરજદાર/આરોપી સામે બોરતળાવ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૫૨૫૨૧૭૪/૨૦૨૫ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૩૧૯(૨), ૬૧(૨)(એ), ૫૪ તથા આઇ.ટી.એકટની કલમ-૬૬(ડી) મુજબના ગુન્હાના આક્ષેપો છે. આ કામે ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/આરોપીએ પૂર્વ આયોજીત કાવત્રુ રચી આરોપી જયેશ જાંબુચાનું બેન્ક એકાઉન્ટ સહઆરોપીઓ સાથે મેળવી જે એકાઉન્ટ આરોપી આર્યન ઉર્ફે લખન જોસેતાને આપી આર્થિક લાભ મેળવેલ અને સાયબર ફ્રોડના રુપિયા સહઆરોપી જયેશભાઈના ખાતામાં જમા કરાવડાવી કુલ રૂા.૧૯,૫૪,૫૦૦/- તથા અન્ય ફ્રોડ(ચોરી)/ઠગાઈના નાંણાં સગેવગે કરવા માટે એકાઉન્ટ ધારક જયેશભાઈ હોય અને સંજયસિંહ સરવૈયાએ પોતાનું એકાઉન્ટ અન્ય સહઆરોપીઓને આર્થિક લાભ માટે આપી પ્રત્યક્ષ કે પરોક્ષ નાંણાંકીય લાભ/કમીશન મેળવવા સારુ સદર બેન્ક એકાઉન્ટની માહિતી આગળ તેમના મળતીયાઓને આપી, ભારતના અલગ-અલગ રાજયમાં સાયબર ફ્રોડનો ભોગ બનેલ લોકો પાસેથી છેતરપીંડી કરી, કોઈપણ રીતે ફ્રોડ(ચોરી) ના નાંણાં RTGS, IMPS, UPI મારફતે બેંક એકાઉન્ટમાં ટ્રાન્સ્ફર કરી, ચેક તથા એ.ટી.એમ. મારફતે ઉપાડી, ફ્રોડ ચોરી

કરેલ રકમ સગેવગે કરી, એકબીજાને મદદગારી કરેલ હોવાના આક્ષેપો છે. પરંતુ, હાલ સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થઇ ગયેલ છે અને ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવેલ છે. જે ચીફ જયુડી. મેજી. કોર્ટ, ભાવનગરમાં ફોજદારી કેસ નં.૫૨૪૧/૨૦૨૬ થી નોંધાયેલ છે. આ કામના અરજદાર/આરોપી સામે નોંધાયેલ કેસની ટ્રાયલ પૂર્ણ થવામાં સમય લાગે તેમ છે. તે સંજોગોમાં, હાલના અરજદાર/આરોપીને જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. વધુમાં, અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા જવાબદાર માણસ છે અને અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે. તેમજ અરજદાર/આરોપી કયાંય નાસી ભાગી જાય તેમ ન હોવાનું અને કોર્ટ જે કાઇ શરતો ફરમાવે તેનું પાલન કરવાનું જણાવી, ટ્રાયલ સમયે હાજર રહેવાની ખાત્રી આપતા હોય, તેમજ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેમની દલીલમાં જે ભયસ્થાનો દર્શાવેલ છે તે અંગે હાલના કામે યોગ્ય શરતો લાદીને તે નિવારી શકાય તેમ છે. તેમજ સદર ગુન્હાના કામના સહઆરોપીઓ ધ્વારા અગાઉ ૫.ફો.અ.નં.૩૫૬/૨૦૨૬, ૩૯૫/૨૦૨૬, ૪૨૨/૨૦૨૬ થી જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરતાં, તે અરજી મંજુર કરી તેઓને શરતોને આધિન જામીન મુકત કરવામાં આવેલ છે. તે તમામ સંજોગોમાં, આ કામના અરજદાર/આરોપીનો રોલ તથા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ તથા અરજદાર/આરોપી સામેના આક્ષેપિત ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઇ તથા નામ. ઉચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં, હાલના તબકકે અરજદાર/આરોપીને શરતોને આધિન જામીન મુકત કરવાનું યોગ્ય અને વાજબી જણાય છે. જેથી અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી મીહીરભાઇ ભગવાનભાઇ સરવૈયા, રહે. પ્લોટ નં.૧૨/બી, અમો નમ: શિવાય સોસાયટી, ગુરુકુળની પાછળ, કુલસર નાઓને બોરતળાવ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૫૨૫૨૧૭૪/૨૦૨૫ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૩૧૯(૨), ૬૧(૨)(એ), ૫૪ તથા આઇ.ટી.એકટની કલમ–૬૬(ડી) મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રુપિયા પચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે છે.

<u>**શરતો**</u> **:–**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે સીધી કે આડકતરી રીતે ચેડા કરવા નહીં કે સાક્ષીઓને ધાક ધમકી, પ્રલોભન કે લાલચ આપવી નહીં.

(૨) અરજદાર/આરોપીએ કાયદો અને વ્યવસ્થા જાળવવી અને કોઇપણ ગુન્હાહિત કૃત્યમાં પોતાની જાતને સંડોવવી નહીં.

(૩) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર તથા સંબંધિત અદાલત સમક્ષ પોતાનું કાયમી રહેણાંકનું સાચુ સરનામું રજુ કરવું અને અદાલતની પૂર્વ પરવાનગી વગર સરનામું બદલવું નહીં.

(૪) અરજદાર/આરોપીએ પોતાનો તથા જામીનદારનો મોબાઇલ નંબર સંબંધિત કોર્ટમાં આપવો અને તેમાં ફેરફાર થયેથી લેખિતમાં તાત્કાલિક કોર્ટને જાણ કરવી.

(૫) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૬) અરજદાર/આરોપી પાસે જો પાસપોર્ટ હોય તો તેઓએ અસલ પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ન હોય તો સોગંદનામાથી કોર્ટમાં જાહેર કરવું.

(૭) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન નિયમિત કોર્ટમાં હાજર રહેવું.

(૩) અરજદાર/આરોપીએ નીચેની કોર્ટમાં જામીન આપવાના રહેશે.

(૪) આ હુકમની યાદી સંબંધિત અદાલત તથા પોલીસ સ્ટેશનને કરવી.

આજરોજ તા.૨૫'મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૨૫/૦૩/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
૩'જા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693